BRAMPTON **Service and Information Update**

# ગવર્મેન્ટ ઓફ ઓન્ટેરિયોએ પ્રોવિન્સમાં બીજી વાર કટોકટીની સ્થિતિની ઘોષણા કરી

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (જાન્યુઆરી 13, 2020) – ગઈકાલે, ગવર્મેન્ટ ઓફ ઓન્ટેરિયોએ ઈમરજન્સી મેનેજમેન્ટ એન્ડ સિવિલ પ્રોટેક્શન એક્ટ (EMCPA) હેઠળ પ્રોવિન્સમાં બીજી વાર કટોકટીની ઘોષણા કરી જે જાન્યુઆરી 13 નાં રોજ સવારે 12:01 વાગ્યાથી અમલી બની.

ગવર્મેન્ટ ઓફ ઓન્ટેરિયોએ ઘરે રહેવાનો હુકમ કર્યો જે જાન્યુઆરી 14, 2021 નાં રોજ 12:01 કલાકથી અમલમાં આવે છે જેમાં ગ્રોસરી સ્ટોર કે ફાર્મસીમાં ખરીદી કરવા જવું, આરોગ્ય સંભાળ સેવાઓ મેળવવી, વ્યાયામ માટે અથવા અનિવાર્ય કામકાજ માટે બહાર જવું જેવા અનિવાર્ય હેતુઓના અપવાદો સિવાય દરેક વ્યક્તિએ ઘરે રહેવું અનિવાર્ય બને છે.

આ ઓર્ડરનો હેતુ અને અન્ય નવા અને પ્રવર્તમાન જાહેર આરોગ્ય નિયંત્રણો લોકોની ચલાયમાનતા સીમિત કરવાનો અને ઘરના ત્વરિત સંપર્કો બહારની વ્યક્તિઓ સાથે રોજ થતા સંપર્કોની સંખ્યા ઘટાડવાનો છે. અનિવાર્ય પ્રવાસ માટે બહાર જવાનું સીમિત કરવા ઉપરાંત, બધાં ધંધાઓએ ઘરેથી કામ કરી શકતા કોઈપણ કર્મચારી, ચોક્કસપણે ઘરેથી જ કામ કરતા હોવાની ખાતરી કરાવવી રહી.

નીચેના વધારાના જાહેર આરોગ્ય પગલાઓ પણ લેવામાં આવી રહ્યાં છે:

- આઉટડોર આયોજિત જાહેર મેળાવડાઓ અને સામાજિક હળવા-મળવાનું પાંચ લોકો સુધી સીમિત રાખવામાં આવ્યું છે.
- લોકોએ ખુલ્લાં હોય તેવા ધંધાઓના કે સંસ્થાઓના ઈનડોર વિસ્તારોમાં માસ્ક કે ફેસ કવરિંગ પહેરવું અનિવાર્ય છે. તમે બે મીટરથી વધારે ભૌતિક અંતર જાળવી ન શકો ત્યારે આઉટડોર્સમાં માસ્ક કે ફેસ કવરિંગ પહેરવાની હવે ભલામણ કરવામાં આવે છે.
- હાર્ડવેર સ્ટોર્સ, આલ્કોહોલ રિટેલર્સ, અને કર્બસાઇડ પિક-અપ કે ડિલિવરી આપતા સ્ટોર્સ સહિતના, બધાં બિન-અનિવાર્ય રિટેલ સ્ટોર્સ, સવારે 7 વાગ્યા પહેલાં ન જ ખોલવા અને રાત્રે 8 વાગ્યાથી મોડા બંધ ન જ કરવા. પ્રતિબંધિત સંચાલન કલાકો આ સ્ટોર્સને લાગુ પડતા નથી જે મુખ્યત્વે ખાદ્યપદાર્થો, દવાઓ વેચતા હોય, તેમજ ગેસ સ્ટેશન્સ, કન્વેનિયન્સ સ્ટોર્સ અને ટેકઆઉટ કે ડિલિવરી માટેની રેસ્ટોરન્ટ્સને લાગુ પડતા નથી.

આ પગલાઓ મંગળવાર, જાન્યુઆરી 12, 2021 અને ગુરુવાર, જાન્યુઆરી 14, 2021 વચ્ચેથી અમલમાં આવે છે, જેમાં EMCPA હેઠળ પ્રોવિન્સમાં કટોકટીની ઘોષણા, તે એક્ટ હેઠળના હુકમો, અને રિઓપનિંગ ઓન્ટેરિયો એક્ટ (ROA) હેઠળ નિયમનોમાં સુધારાઓ સામેલ છે.

પ્રોવિન્સની બીજી કટોકટી વિશે અહીં વાંચો.

**નવા અમલીકરણ પગલાઓ**

પ્રોવિન્સમાં કટોકટીની ઘોષણા હેઠળ, પ્રોવિન્સ અમલબજવણી અને પ્રાંતિય ગુનાઓ માટે બધાં અધિકારીઓને સત્તા પૂરી પાડશે, જેમાં ઓન્ટેરિયો પ્રોવિન્સિયલ પોલીસ, સ્થાનિક પોલીસ દળો, બાય-લૉ (પેટા-કાનૂનો) અધિકારીઓ, અને પ્રોવિન્સના કાર્યસ્થળના નિરીક્ષકો સામેલ છે જેઓ સ્ટે-એટ-હોમ ઓર્ડરનું પાલન ન કરતા, અથવા ઈનડોર્સમાં માસ્ક કે ફેસ કવરિંગ ન પહેરતા લોકો તેમજ તેનો અમલ ન કરતા રિટેઈલ ઓપરેટર્સ અને કંપનીઓને ટિકિટ આપી શકે છે. હુકમોનું પાલન ન કરવાનો નિર્ણય લેનારા લોકો ROA અને EMCPA બંને હેઠળ દંડ અને/અથવા કાયદેસર કાર્યવાહી કરવાને પાત્ર બનશે.

પ્રતિબંધો ન અનુસરતા લોકોને દંડિત કરવામાં અને/અથવા ટિકિટ આપવામાં આવશે. રિઓપનીંગ એક્ટ અને બાય-લૉ હેઠળના ઉલ્લંઘનો માટેના દરો ગુનાની પ્રકૃતિના આધારે $ 500 થી $100,000 સુધીના છે.

**મેન્ડેટરી ફેસ કવરિંગ્સ**
મેન્ડેટરી ફેસ કવરિંગ્સ બાય-લૉ હેઠળ, બ્રેમ્પટનમાં બધી ઈનડોર જાહેર જગ્યાઓમાં નોન-મેડિકલ માસ્ક્સ કે ફેસ કવરિંગ્સ પહેરવા અનિવાર્ય છે. જાહેર સંસ્થાઓ અને ધંધાઓએ પોતાના નિયંત્રણ હેઠળની ઈનડોર જાહેર જગ્યાઓમાં માસ્ક્સ કે ફેસ કવરિંગ્સ પહેરવામાં આવતા હોવાની ખાતરી કરવી અનિવાર્ય છે.

આ બાય-લૉ (પેટા-કાનૂન) મુક્તિ આપે છે, તબીબી કારણોસર માસ્ક કે ફેસ કવરિંગ ના પહેરી શકે તેવી વ્યક્તિઓ સહિતની ચોક્કસ વ્યક્તિઓને; બે વર્ષથી ઓછી ઉંમરના બાળકોને; કટોકટી હુકમો અનુસાર એથલેટિક (કસરતી) પ્રવૃત્તિઓમાં પ્રવૃત્તમય લોકોને. વધુ માહિતી માટે વેબસાઈટ જુઓ: www.brampton.ca/masks

**સીટી સેવાઓ અને સગવડો**

સીટી હૉલ અને કોર્પોરેટ સગવડો
સીટી હૉલ અને કોર્પોરેટ સગવડો માત્ર એપોઇન્ટમેન્ટથી રૂબરૂમાં સેવાઓ માટે ખુલ્લી છે. વૉક-ઈન્સને પરવાનગી આપવામાં આવી નથી. એપોઇન્ટમેન્ટ બૂક કરાવવા, વેબસાઈટ જુઓ www.brampton.ca/skiptheline.

સીટી રિક્રિએશન સેન્ટર્સ અને સગવડો
સીટી ઓફ બ્રેમ્પટનની બધી રિક્રિએશન સગવડો જાહેર જનતા માટે બંધ રહે છે. તંદુરસ્ત અને સક્રિય રહેવાને લગતા ઓનલાઈન વીડિયો જોવા માટે, અહીં ક્લિક કરો.

સીટી ઓફ બ્રેમ્પટનની આઉટડોર આઈસ રિંક્સ હવામાન અનુકૂળ રહે તો રહેવાસીઓને તંદુરસ્ત, સુરક્ષિત અને સક્રિય રહેવામાં મદદરૂપ થવા ખુલ્લી છે. સંચાલનના કલાકો વેબસાઈટ પર જોઈ શકાય છે, www.brampton.ca/outdoorskating.

સામુદાયિક આરોગ્ય અને સુરક્ષા, ખાસ કરીને COVID-19 દરમિયાન સીટીની મુખ્ય અગ્રતા છે. પીલ પબ્લિક હેલ્થની ભલામણોને અનુરૂપ, રિંક્સની મુલાકાત લેવા એક રિઝર્વેશન સિસ્ટમ અમલમાં છે. આનાથી ક્ષમતા જરૂરિયાતો જાળવવામાં આવી રહી હોવાની અને જરૂર પડે તો સંપર્કનું પગેરું રાખવું શક્ય હોવાની ખાતરી થાય છે. આઉટડોર કાર્યક્રમો માટેની ગોઠવણોને લગતી અદ્યતન માહિતી વેબસાઈટ www.brampton.ca/recreation પર જોઈ શકાય છે.

રહેવાસીઓ અને ધંધાઓ વધુ માહિતી અને સર્વિસ વિનંતીઓ માટે 311 નંબર પર કૉલ કરી શકે છે, www.311brampton.ca વેબસાઈટ જોઈ શકે છે અથવા 311 મોબાઈલ ઍપનો ઉપયોગ કરી શકે છે.

**કડીઓ (લિંક્સ)**

- સીટી ઓફ બ્રેમ્પટન COVID-19 પ્રોગ્રામિંગ અને સર્વિસ અપડેટ્સ
- સીટી ઓફ બ્રેમ્પટન – શું ખુલ્લું છે, શું બંધ છે
- COVID-19 નાં લક્ષણો
- બ્રેમ્પટનમાં ટેસ્ટિંગ
- સેલ્ફ-આઈસોલેટ કેવી રીતે થવું
- COVID-19 દરમિયાન ધંધાઓ અને કાર્યસ્થળોને સુરક્ષિત રાખવા
- પીલમાં COVID-19 નાં કેસીસ



The Corporation of The City of Brampton
2 Wellington Street West, Brampton, ON L6Y 4R2 311 TTY: 905.874.2130

BRAMPTON Service and Information Update

**મિડિયા સંપર્ક** :
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca